**<u>મે.અમદાવાદ ખાતેનાં મજુર અદાલત ના પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી (સીની.સીવીલ જજ સાહેબ)ની કોર્ટમાં, મુ.અમદાવાદ</u>**

**<u>ફોજદારી કેસ નં.૨૯૫/૨૦૨૩</u>**
**<u>આંક–૫</u>**

**<u>ફરીયાદી ::–</u>** **સરકાર વતી શ્રી ડી.એમ.ઉધનાવાલા,**
બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એકટ હેઠળના નિરીક્ષક,
નિયામક, ઔધોગિક સલામતી અને સ્વાસ્થયની કચેરી,
૩, ૪ અને ૫ મો માળ, શ્રમભવન, ગનહાઉસની બાજુમાં,
રૂસ્તમ કામા માર્ગ, ખાનપુર, અમદાવાદ

**<u>– : : વિરુધ્ધ : : –</u>**

**<u>આરોપી ::–</u>**
(૧) **દિવ્યજયોત બિલ્ડકોણ (સંસ્થા),**
૧૮, માધવ બંગ્લોસ, નાનાબાર સમાજની વાડીની બાજુમાં,
ખોરાજ, ગાંધીનગર
(૨) **શ્રી રવિભાઈ દિનેશભાઈ પટેલ,**
એસ–૮, ગાયત્રી એપાર્ટમેન્ટ, રામવાડી સોસાયટીની પાસે,
ઘાટલોડીયા, અમદાવાદ

**<u>ગુનો :–</u>** ઘી બીલ્ડીંગ એન્ડ અધર કન્ટ્રકશન વર્કસ રૂલ્સ ૨૦૦૩ નાં નિયમ–૨૧૬(જી) ના ભંગ બદલ કલમ ૪૭ મુજબ શિક્ષા પાત્ર ગુનો કરવા બાબત

**–:: <u>ઠ રા વ</u> ::–**

(૧) <u>નામ.ગુજરાત હાઈકોર્ટના નોટીફીકેશન નં.એ.૩૬૦૮/૨૦૧૫, તા.૨૩/૦૬/૨૦૧૭ અન્વયે ફોજદારી કેસો ચલાવવાની સત્તા સીવીલ જજ તથા જયુ.મેજી.ફ. ક.ને મળતા સદરહું ફોજદારી કેસ અત્રેની મજુર અદાલતમાં દાખલ થતા,સદરહું ફોજદારી કેસને ફોજદારી કેસ નં.૨૯૫/ ૨૦૨૩ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.</u>

(૨) ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના ફરીયાદી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ એકટ–૧૯૯૬ ની કલમ–૪૨(૩) નીચે નિરીક્ષક તરીકે નિમાયેલા છે. આ કામના ફરીયાદીએ આરોપી સંસ્થાની મુલાકાત લેતા, આરોપીએ બાંધકામ સાઈટ ઉપર કામ કરતા કામદારોને બિનસુરક્ષિત સ્થિતિમાં કામ પર રાખીને સુરક્ષિત હોવાની ખાત્રી નહી રાખીને આરોપીએ ઘી બીલ્ડીગ એન્ડ અધર કન્ટ્રકશન વર્કસ રૂલ્સ ૨૦૦૩ નાં નિયમ–૨૧૬(જી) ના ભંગ બદલ કલમ ૪૭ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ હોવાની લેખિત ફરીયાદશ્રી સરકારી અધિકારીએ કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

(૩) ઉપરોકત સંદર્ભની ફરિયાદ જે તે વખતે સબંધિત અત્રેની અદાલત સમક્ષ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૧૯૦(૧) (એ) મુજબ ફરિયાદીએ રજૂ કરતા સંબંધિત કોર્ટ ધ્વારા ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦ (એ) વંચાણે લઈને ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

(૪) આરોપીને સમન્સ બજી જતાં આરોપી આજરોજ અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં ત્યારબાદ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ, ત્યારબાદ તેઓની પ્લી લેવા માં આવેલ,જેમાં તેઓ ગુનો કબુલ કરેલ છે અને કબુલાત પુરસીસ પણ રજુ રાખેલ છે અને તેઓ નો/સંસ્થાનો પ્રથમ ગુનો હોય દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામા ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૫) આરોપીએ ગુન્હાની કબુલાત પુરશીસ રજુ કરતા આરોપીને સમજાવવામા આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂધ્ધ પુરાવા તરીકે ઉપયોગમા લેવાશે, આમ છતા આરોપી પોતાને ગુન્હો કબુલ હોવાનુ જણાવેલ છે. ત્યાર બાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામા આવતા તેમા પણ આરોપીએ પોતાની સામેનો ગુન્હો કબુલ હોવાનુ જણાવેલ છે.આમ આરોપી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબુલ કરતા હોવાનુ જણાય છે.

(૬) ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત ધ્યાનમાં લેતાં તેમજ આરોપીનો આ પ્રથમ ગુનો હોય અને તેને કરલે રજુઆત મુજબ તેમના ઉપર સમગ્ર કુટુંબની જવાબદારી હોય અને આરોપીને પોતાના ગુન્હા બદલ પારાવાર પસ્તાવો થયેલ હોય આરોપીને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામા આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવુ અત્રેની કોર્ટનુ માનવુ છે. સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટટે ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.-૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેતાં, હાલના આરોપી વિરુધ્ધ ગુનો સાબીત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>-: હુ ક મ :-</u>**

૧) આ કામે આરોપી/સંસ્થાને ક્રિ.પ્રો.કો.ક.રપર અન્વયે ધી બીલ્ડીંગ એન્ડ અધર કન્ટ્રકશન વર્કસ રૂલ્સ ૨૦૦૩ નાં નિયમ-૨૧૬(જી) ના ભંગ બદલ કલમ ૪૭ હેઠળ તકસીરવાન ઠરાવી ને આરોપીને રૂા.૫૦૦/-× ૧ નિયમ × ૨ આરોપી **= રૂા.૧૦૦૦/-(અંકે રૂપિયા એક હજાર પુરા)** નો દંડ, અને જો દંડ ન ભરે તો દિન-૩૦ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

૨) આરોપી દંડની રકમ ભરવામાં કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

હુકમ આજરોજની નેશનલ લોકઅદાલત દરમ્યાન યોજવામાં આવેલ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૩/૦૫/૨૦૨૩
સ્થળ : અમદાવાદ.

**( વિજયસિંહ ભાવસિંહ ચૌહાણ )**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ**
**CODE : GJ01045**